# હિંમતનગરમાં મેડીકલ એક્ટના અમલની માંગ સાથે મૌન રેલી યોજાઈ

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગરમાં ગુરુવારે નર્સિંગ કોલેજના વિધાર્થીઓ, સિવિલ સ્ટાફ અને સ્ટાફ નર્સ તેમજ જિલ્લાના વિવિધ કોલેજમાં અભ્યાસ કરાવનારા પ્રોફેસરો દ્વારા મેડીકલ એક્ટ અને આઉટ સોર્સિંગ ધ્વારા શોષણ અટકાવવા મૌન રેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદન આપી પોતાની વેદના રજૂ કરી હતી.

સાબરકાંઠા જિલ્લામાં વિવિધ પ્રાઈવેટ હોસ્પિટલ અને સરકારી સિવિલમાં વિવિધ આઉટ સોર્સિંગ એજન્સીઓ દ્વારા સરકાર દ્વારા ચુકવતા નાણાંની જગ્યાએ નજીવી રકમ આપી માન્યતા પ્રાપ્ત નર્સ તેમજ અન્ય સ્ટાફને શોષિત કરાય છે. તેમજ જિલ્લાના મોટા ભાગની હોસ્પિટલોમાં તાલીમ વિનાનો નર્સિંગ સ્ટાફ કામ કરી રહ્યો છે જેની સામે આજે હિંમતનગરમાં જૂની સિવિલ હોસ્પિટલથી જીલ્લાની વિવિધ માન્યતા પ્રાપ્ત નર્સિંગ કોલેજની વિધાર્થીઓ, સિવિલ હોસ્પિટલની સ્ટાફ નર્સો અને અધ્યાપકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને લગભગ અડધો કિમી લાંબી મૌન રેલી યોજી કલેક્ટર કચેરીએ પહોચી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો અને મેડીકલ એક્ટનો અમલ કરવાની માંગણી સાથે નોકરીમાં થતું શોષણ અટકે તેની માંગણી કરી હતી તેમજ આગામી સમયમાં આ મુદ્દે જો સરકાર તેમાં વહીવટી પ્રશાસન દ્વારા કોઈ ઠોસ પગલાં ન ભરાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન અપનાવવાની ચીમકી અપાઈ છે. તો માન્યતા પ્રાપ્ત વિવિધ નર્સિંગ કોલેજમાં નર્સિંગ જીએનએમ, એએનએમનો મસમોટો ખર્ચો કરી ચાર વર્ષનો અભ્યાસ કર્યા બાદ તેમને યોગ્ય નોકરી નથી મળતી અને તેમનું શોષણ થતું હોય છે. બીજી તરફ પ્રાઈવેટ હોસ્પિટલોમાં જે ઈન્જેક્શન આપવાની જાણકારી ન હોય તેવા લોકો નોકરી કરતા હોય છે. જેથી સમાજ અને સારવાર લેનાર દર્દીને નુકશાન થવાની સંભાવના નકારી શકાતી નથી. તેથી સુપ્રીમ કોર્ટનો મેડીકલ એક્ટનો અમલ કરવાની માંગણી કરી હતી જેથી વિધાર્થીઓએ કરેલ અભ્યાસને ન્યાય મળે.



તસવીર : મગનજી વણઝારા

# તલોદ તાલુકાની લુણી નદીમાં સુજલામ્ સુફલામ્ યોજનાનું પાણી છોડવા માંગ

તલોદ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ડઝનબંધ ગ્રામ્ય વિસ્તારોને વિંધી જતી લુણી નદીમાં સુજલામ સુફલામ્ યોજનામાંથી પાણી છોડવામાં આવે તો ખેતી અને પશુપાલનના વ્યવસાયને ફાયદો થાય તેમ છે. જેથી લુણી નદીમાં પાણી છોડીને અછતમાં રાહત આપવાની લાગણી અને માંગણી ખેડૂતોએ કરેલ છે. પરંતુ આજ દિન સુધી લુણી નદી ખાલી ખટ રહી છે. તલોદ તાલુકાના માધવગઢ, ઉમેદની મુવાડી, ગુલાબની મુવાડી, વક્તાપુર, તોરણીયા, ઉજેડીયા, નવાવાસ, જોરાજીના મુવાડા, આંબજીના મુવાડા તથા અક્કલની મુવાડી જેવા ડઝનબંધ ગામોને સાંકળતી જતી લુણી નદી ચાલુ સાલે નહિવત પડેલા વરસાદને કારણે ખાલીખટ રહી છે. જેથી આ ગ્રામ્ય પંથકોમાં ખેત સીમાડામાં પેદા થતા ધન-ધાન્ય તથા ઘાસચારાની અત્યંત દયનીય હાલત ઉદ્ભવી છે.

તાલુકાની ગ્રામ પંચાયતોના સરપંચોના દાવા મુજબ અહીંની લુણી નદીમાં સરકાર કોઈ પણ યોજના કરી પાણી ઠાલવે, નદીમાં પર્યાપ્ત માત્રામાં પાણી ભરી દે અને વર્તમાન આફતભરી સ્થિતિમાંથી ભૂમિપૂત્રોને તથા પશુધનને પણ રાહત અપાવે તેવી અવારનવાર કરેલ રજૂઆતો સરકારના કાને પડવાને બદલે પાણીમાં ગઈ હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

નદીના પટમાં પાણીના બદલે ઝાડાં-ઝાંખરાં અને રેતી માત્ર હોઈ પંથકના બોર કૂવાના જળસ્તર ઊંડા ઉતરી જવા પામેલ છે. આવી કુદરતી આપત્તિ ટાણે રાજ્ય સરકારે મદદરૂપ થવા બાબતે પ્રાથમિકતાના ધોરણે કાર્યવાહી કરવી જોઈએ તેવી સેંકડો ખેડૂત પરિવારોની લાગણી અને માંગણી છે.

# સાબરકાંઠા-અરવલ્લી મનસુરી (પીંજારા) સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

હિંમતનગર, તા. ૨૭

હિંમતનગર મનસુરી (પીંજારા) સમાજ દ્વારા સાબરકાંઠા-અરવલ્લીમાં વસતા સમાજનો એક સ્નેહમિલન સમારંભ હિંમતનગર આર.ટી.ઓ. કચેરી સામે આવેલા આબેદા હોલ ખાતે રવિવારે યોજાઈ ગયો. આ પ્રસંગે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને મોમેન્ટો અને ઈનામો આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. સમાજના હાજીઓ અને હજીયાણીઓનુ મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.




મોડાસા મકદુમ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ રજાકભાઈ મનસુરીના અધ્યક્ષ સ્થાને અને પત્રકાર હાજી મકસુદ હાજી ગુલામનબીના મુખ્ય મહેમાન પદે તેમજ ડૉ. રજાકભાઈ મનસુરીના અતિથિપદે યોજાયેલ સ્નેહ મિલન સમારંભમાં મોટી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી કેબલ ઓપ.એસોએ ટ્રાઈના નિર્ણય સામે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

મોડાસા, તા. ૨૭

ટેલિકોમ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ તા.૧૬ નવેમ્બર ૨૦૧૮ના રોજ નિર્ણય જાહેર કર્યો છે કે પ્રત્યેક ચેનલ પર પ્રતિમાસ રૂ.૨૫થી ૪૫ સુધી એમ.આર.પી લાગુ કરવી જેનો અમલ ૨૯ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ અમલમાં આવશે. ટ્રાઈના આ નિર્ણયનો અરવલ્લી કેબલ ઓપરેટર એસોસિએશન દ્વારા શખ્ત વિરોધ કરી જીલ્લા અધી.કલેકટર વલવીને આવેદનપત્ર આપી ટ્રાઈનો નિર્ણય પાછો લેવાની માંગ કરી હતી.



આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ટ્રાઈનો દ્વારા જે નિર્ણય કરાયો છે તે તઘલખી હુકમ છે. આ સરમુખત્યાર જેવું પગલું ભર્યું છે કારણકે નિર્ણય લેતા પહેલા ટ્રાઈએ ગ્રાહકસુરક્ષા જેવી સંસ્થા, સરકારી સંસ્થાઓ, એનજીઓ અને બિન રાજકીય સંસ્થાઓ સાથે ચર્ચા વિચારણા કાર્ય બાદ નિર્ણય લેવાના બદલે મનસ્વી રીતે સરમુખત્યાર નિર્ણય ઠોકી દીધો છે. ચાલાકીપૂર્વકનો ખેલ હોવાનો આક્ષેપ કરી ટ્રાઈ મદારીની ભૂમિકા ભજવી રહ્યું છે. અરવલ્લી જીલ્લા કેબલ ઓપરેટર એસો.ના પ્રમુખ ભરત કડિયા, ઉપપ્રમુખ કેતન બુટાલા, મંત્રી જીતુભાઈ પટેલ સહીત મોટી સંખ્યામાં કેબલ ઓપરેટરોએ જણાવ્યું હતું કે દેશમાં મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેકારી ચરમસીમાએ પહોંચી ચુકી છે. બેકારી, આર્થિક તંગી અને પાક નાશ થવાના અને પોષણક્ષમ ભાવ ન મળતા જેવા વિવિધ કારણોસર હતાશ, નિરાશ, શોષિત પીડિત લોકો તથા ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. કેબલ ઈન્ડસ્ટ્રીઝમાં એમ.આર.પી. નિયમના કારણે હજ્જારો કેબલ ઓપરેટરો અને સહાયકો આર્થિક રીતે બરબાદ થઈ જશે, જો કોઈ કેબલ ઓપરેટર કે કેબલ ઈન્ડસ્ટ્રીઝના કર્મચારી કે તેના પરિવારજનો આત્મહત્યા કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, ટ્રાઈ અને સુપ્રીમ કોર્ટની રહેશે. ટ્રાઈનો નિર્ણય રદ કરવાની માંગ સાથે ટ્રાઈ એમઆરપીના નિયમ લાગુ કરશે તો રાજ્યભરના કેબલ ઓપરેટરો તા.૨૯ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ પે-ચેનલોનું પ્રસારણ અટકાવી દેવાની સાથે રાજ્યમાં કાર્યરત કેબલ ઓપરેટર અને સહાયકોની સહનશીલતાને નબળાઈ માનવાની ભૂલ ના કરે એજ દેશના હિતમાં હોવાની ગર્ભિત ચીમકી ઉચ્ચારી હતી.

## શામળાજી પાસે રતનપુર બોર્ડર પરથી પસાર થતી બે ખાનગી વાહનોનો ફિલ્મી ઢબે પીછો કરી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૭

ભિલોડા તાલુકાના શામળાજી પાસે રતનપુર બોર્ડર પર વાહન ચેકીંગ દરમિયાન વિદેશી દારૂ ભરેલ ઈનોવા સાથે બે બુટલેગરોને પોલીસે ફિલ્મી ઢબે ઝડપી તપાસ હાથ ધરી છે.

આગામી ૩૧ ડિસેમ્બરને લઈ અરવલ્લી જિલ્લા પોલિસ વડા મયૂર પાટીલની સૂચના અન્વયે જિલ્લા પોલીસ અને શામળાજી પોલીસે શામળાજી ચેકપોસ્ટ પર પર પ્રાંતમાંથી વિદેશી દારૂ ગુજરાતમા ના ઘુસે તે માટે પોલીસ દ્વારા સઘન સુરક્ષા રાખવામાં આવી છે. રાજસ્થાન, હરિયાણા, દિલ્હી તરફથી આવતા તમામ વાહનોને રોકી કડક હાથે ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ત્યારે રાજસ્થાન તરફથી મહારાષ્ટ્ર પાસિંગની ઈનોવા કાર પુરપાટ ઝડપે આવી રહી હતી ત્યારે પોલિસે બેરીકેટ મૂકી રોકવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ બુટલેગરોએ કાર દોડાવી મૂકી હતી. ત્યારે જિલ્લા ડી સ્ટાફના ભરતસિંહ ઝાલા તથા પોલીસે ખાનગી અને ૧૦૦ નંબરની ગાડીથી પીછો કરી આરટીઓ ચેકપોસ્ટ પાસેથી બે બુટલેગરો સાથે ઝડપી લીધી હતી.



પરશુરામ યુવા સેના હિંમતનગર ધ્વારા ૨૫-૧૨-૨૦૧૮ની ઉજવણી પશુરામ દાદાની આરતી કરીને કરવામાં આવી અને અટલજીની જયંતી પર યાદ કરી વંદન કરવામાં આવ્યું. વારાહીના બ્રહ્મસમાજ પરના હુમલાના મુદ્દે ચિંતન કરવામાં પણ આવ્યું. આવી ઘટના ફરથી બ્રહ્મસમાજ માટે ના બને અને વારાહીના પરિવારને ન્યાય મળે એ બાબતે ગૃહમંત્રીને આવેદન પત્ર આપવામાં આવશે.

# પાલનપુર શહેર યુવા ભાજપ દ્વારા સ્વ.અટલ બિહારી વાજપેયીની જન્મજયંતીની ઉજવણી

પાલનપુર, તા. ૨૭

પાલનપુર શહેરના વોર્ડ નં. ૧૧માં આવેલ સોનબાગ વિસ્તારમાં આવેલી સમતા હાઈસ્કૂલ ખાતે ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ.અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતી પ્રસંગે આયુષ્યમાન ભારત કાર્ડ નિકાળવાના કેમ્પનું પણ આયોજન કરાયું હતું. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તાજેતરમાં આયુષમાન ભારત કાર્ડ અંતર્ગત પરિવારને કોઈ પણ બીમારી સમયે પાંચ લાખ રૂપિયા સુધી સહાય મળી રહે એ માટે આ યોજના નીકાળી હતી જે અંતર્ગત આજે પાલનપુર ખાતે આ કેમ્પ યોજાયો હતો. જેમાં શહેરના સ્લમ વિસ્તારના અંદાજે ૪૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, યુવા મોરચાના રાષ્ટ્રીય કારોબારી સદસ્ય હિતેશ ચૌધરી, જીલ્લા ભાજપ અગ્રણી ગીરીશભાઈ જગાણિયા, શહેર યુવા ભાજપ પ્રમુખ અશોક પટેલ સહિત શહેર ભાજપના કાર્યકરો, યુવા મોરચાના કાર્યકર્તાઓ અને પાલિકા સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.



# મોડાસામાં સ્વચ્છતા જનજાગૃતિ રથનો પ્રારંભ

મોડાસા, તા. ૨૭

મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા મોડાસા શહેરને સ્વચ્છ અને નિર્મલ બનાવવા સતત પ્રયત્નશીલ છે, ત્યારે બુધવારે મોડાસા શહેરમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જનજાગૃતિ માટે સ્વચ્છતા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મોડાસા શહેરના માર્ગો પર જનજાગૃતિ માટે સ્વચ્છતા રથનું પ્રસ્થાન નગરપાલિકાના પ્રમુખ સુભાષ શાહે કરાવ્યું હતું.



મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ અને ચીફ ઓફિસર પ્રણવ પારેખના જણાવ્યા અનુસાર સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા જનજાગૃતિ માટે તેમજ સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૧૯ અંતર્ગત પ્રચાર પ્રસાર સ્વચ્છતા રથનો પ્રારંભ અને સ્વાગત મોડાસા ચાર રસ્તા મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા રથ મોડાસા શહેરના વિવિધ રાજમાર્ગો પર જનજાગૃતિ લાવવા શહેરમાં રથ પરિભ્રમણ કરશે. આ કાર્યક્રમમાં કારોબારી ચેરમેન રૂપેશ ઝાલા, સેનેટરી ચેરમેન જલ્પાબેન ભાવસાર, ઉપપ્રમુખ જ્યોત્સનાબેન કડિયા અને નગરપાલિકાના કોર્પોરેટરો સહીત મોટી સંખ્યામાં નગરપાલિકાના કર્મચારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### મોડાસા ટાઉન પોલીસ ચોરી, લૂંટ, ચેન સ્નેચિંગ અને વાહનચોરીની ઘટનાના

# ગુન્હા દાખલ કરવાના બદલે “થોભો અને રાહ જુઓ”ની નીતિ

મોડાસા, તા. ૨૭

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં દિવસેને દિવસે વાહનચોરી, ઘરફોડ ચોરી, ચેન સ્નેચિંગ, તફડંચી ગેંગથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે, ચોરી લૂંટ કિસ્સાઓ વધવા લાગ્યા છે. ત્યારે બાઈક ચોરો દ્વારા મોટી સંખ્યામાં દ્વિચક્રી વાહનોની ઉઠાંતરી કરવામાં આવી રહી છે. આ અંગે લોકો દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવે તો થોડો સમય રાહ જોવાનું કહી વાત ટાળી દેવામાં આવતી હોવાનો ચોરીનો ભોગ બનેલા લોકો દ્વારા આક્રોશ ઠાલવી રહ્યા છે. ટાઉન પોલીસ ગુન્હાખોરીનો ગ્રાફ નીચે રાખવા ગુન્હાખોરોને છાવરી રહી હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

મોડાસા ટાઉન પોલીસતંત્ર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં નિષ્ફળ રહેતા મોડાસા નગરજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ટાઉન પોલીસે ચોર, લૂંટારુ ગેંગ અને બાઈક ચોરો સામે હથિયાર હેઠા મૂકી દીધા હોય તેમ




દિવસેને દિવસે નાની-મોટી ચોરીની ઘટનાઓ બની રહી છે. પોલીસ ફરિયાદ નોંધવામાં આનાકાની કરતી હોવાથી શહેરીજનો ફરિયાદ કરવાનું પણ ટાળી રહ્યા છે. મોડાસા શહેરમાં બાઈકચોર ગેંગ છાસવારે ટુ-વ્હીલર ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે.

પરંતુ જયારે લોકો ચોરીની ફરિયાદ લઈને મોડાસા ટાઉન પોલીસ પાસે જાય છે ત્યારે તેને મદદ કરવાના બદલે પોલીસ દ્વારા થોડા દિવસ રાહ જોવાનું કહેવામાં આવે છે. ત્યારે અહીં સવાલ એ થાય છે કે શું પોલીસ તરફથી તસ્કરોને તેની જરૂરિયાત પુરી કરવા સમય આપવામાં આવે છે કે પછી રેકર્ડ પર ક્રાઈમ ઓછો બતાવવા માટે આવા ગુન્હાઓ નોંધવામાં આવતા નથી..? પોલીસનું કામ પ્રજાના જાન-માલનું રક્ષણ કરવાનું છે. પોલીસ ધારે તો નાકાબંધી કરીને ચોરી થયેલ વાહનોને ઘડીના છઠ્ઠા ભાગમાં પકડી શકે છે પરંતુ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનનું વલણ અલગ પ્રકારનું જોવા મળી રહ્યું હોવાનું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

# ગાંધીનગર આર.આર.સેલે શામળાજી નાપડા નજીક ટ્રકમાંથી ૧૦.૪૨ લાખનો વિદેશી દારૂ સાથે ત્રણને ઝડપ્યા

શામળાજી, તા. ૨૭

શામળાજી-હિંમતનગર રોડ પર આવેલા નાપડા ગામ નજીક આર.આર.સેલ ગાંધીનગર આર.આર. સેલે શામળાજી નજીક આવેલા નાપડા ગામની સીમમાંથી પસાર થતા ટ્રક (ગાડી.નં-





ગાંધીનગરની ટીમે હરિયાણા પાસિંગની ટ્રકમાંથી વિદેશી દારૂ રૂ.૧૦૪૨૮૦૦નો જથ્થો જપ્ત કરી ત્રણ આરોપીઓને દબોચી લીધા હતા. શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સહીત શામળાજી પોલીસને ઉંઘતી રાખી વિદેશી દારૂ ઝડપી પાડતા જીલ્લા પોલીસતંત્રમાં હડકંપ મચી હતી. એચઆર.૫૫.એફ. ૧૯૬૫)માં માલસામાનની આડમાં સંતાડીને રાજયમાં ઘુસાડાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી-૨૫૩ કુલ બોટલ નંગ-૩૦૩૬ કીં. રૂ. ૧૦૪૨૮૦૦નો જથ્થો જપ્ત કરી નરેશ ઉર્ફે બિન્ની રાજેન્દ્ર ઓડ, મનોજ ઓમપ્રકાશ ઓડ (બંને રહે, ભરવાડા હરિયાણા) અને બલવાનસિંહ રાજપાલસિંહ શેખાવત (રહે, કૈરૂ સરકારી સ્કૂલની પાસે, તોસામ, હરિયાણા)ની ધરપકડ કરી, ટ્રક, કવરિંગનો માલસામાન, મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૪૪૮૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર સુભાષ જાટ (રહે, સરેડા, હરિયાણા) તથા સોનુ રામનિવાસ રાજપૂત (રહે, કૈરૂ, હરિયાણા) વિરુદ્ધ આર.આર.સેલ ના હેડ.કોન્સ્ટેબલ વીરભદ્રસિંહ રણજિતસિંહે શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધાવતા શામળાજી પોલીસે વિદેશી દારૂ ભરી આપનાર બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



પાલનપુરના નારી સંરક્ષણ કેન્દ્રમાં ભાજપ મહિલા મોરચાએ સદભાવના ગૃપના સહયોગથી સ્વેટર વિતરણ કર્યુ હતુ. જેમાં ભાજપની અગ્રણી મહિલાઓ મિતાબેન સોની, જાગૃતિબેન મહેતા, પ્રફુલ્લાબેન પટેલ, ભારતીબેન ઠાકોર, પુષ્પાબેન જાધવ, મદીનાબેન શેખ, કેતકીબેન ઠક્કર, જાગૃતિબેન મોઢ, આશાબેન ચૌધરી, અમીતાબેન ઠક્કર તથા જિલ્લા દહેજ પ્રતિબંધક અને સહ રક્ષણ અધિકારી શ્રીમતિ રમીલાબેન ચાવડા, નારી સંરક્ષણ કેન્દ્ર સુપ્રિટેન્ડેન્ટ સોનલબેન ચૌધરી વગેરેએ ઉત્સાહભેર આ કેન્દ્રમાં રક્ષિત મહિલાઓને સ્વેટર વિતરણ કરી આનંદ અનુભવ્યો હતો.

# શામળાજી પોલીસે ફિલ્મી ઢબે એસેન્ટ કારનો પીછો કરી પોશડોડાનો જથ્થો ઝડપ્યો

શામળાજી, તા. ૨૭

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે પર રતનપુર ચેકપોસ્ટ માર્ગે રાજયમાં મોટા પ્રમાણમાં કેફી પદાર્થો અને વિદેશી દારૂ ઘુસાડવા માટે બુટલેગરોના હોટ ફેવરેઈટ છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજયમાં પ્રોહી હેરાફેરી ન થાય માટે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા વીંછીવાડા તરફથી આવતી કારને અટકાવવાનો ઈશારો કરતા કાર ચાલકે કાર ફૂલ સ્પીડે હંકારી મુકતા પી.એસ.આઈ એમ.પી.ચૌહાણે પોલીસ જીપ સાથે પીછો કરતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. શામળાજી-મોડાસા રોડ પર ભવાનપુર ગાડી કાર ચાલકને અટકાવી કારમાંથી ૬૭.૬ કી.ગ્રા રૂ. ૪૦૬૨૦નો પોશડોડાનો જથ્થો જપ્ત કરી કાર ચાલકને દબોચી લીધો હતો.

શામળાજી પોલીસે વીંછીવાડા તરફથી આવતી એસેન્ટ કારને અટકાવવાનો પ્રયત્ન કરતા



કાર ચાલકે ફુલસ્પીડે કાર હંકારી મુકતા શામળાજી પોલીસે કારનો પીછો કરી ભવાનપુર ગામ નજીકથી એસેન્ટ કાર (ગાડી.નં-એમએચ. ૦૧-એઆર-૫૯૭૯) અટકાવી કારની તલાશી લેતા કારમાંથી વગર પાસ પરમીટે કેફી માદક પદાર્થ પોશડોડાનો ૬૭.૬ કિલોગ્રામ કીં. રૂ. ૪૦૬૨૦નો જથ્થો જપ્ત કરી કાર ચાલક પ્રકાશચંદ્ર ભવરારામ જાટ (રહે, મૂઢો, બાડમેર)ને ઝડપી પાડી ચિત્તોડગઢ પાસેથી અજાણ્યા શખ્સ ભરી લાવી જથ્થો મંગાવનાર બાડમેરના સોટન ગામના નરેશ જાટ સામે નાર્કોટિક્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધી પ્રકાશચંદ્ર જાટને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.